કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૮૭૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૨૩,૧૩૪ કરોડનું ટર્નઓવર

ચાંદીનો ભાવ ઓલ ટાઈમ હાઈ સોનામાં રૂપિયા ૭૪૭ની તેજી

મુંબઈ,તા.૯

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૨,૦૧૯.૮૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૮૭૪.૬૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૩૧૩૩.૬૫ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧,૦૨૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૭૩૯ અને નીચામાં રૂ.૭૦,૯૮૮ના મથાળે અથડાઈ, રૂ.૭૪૭ના ઉછાળા સાથે રૂ.૭૧,૬૫૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૭૨ ઊછળી રૂ.૫૭,૫૮૦ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૩ વધી રૂ.૭,૦૩૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૭૩ની વૃદ્ધિ સાથે રૂ.૭૧,૩૮૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૮૧,૯૭૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૨,૮૪૯ના ઓલ ટાઈમ હાઈના સ્તરને સ્પર્શી, નીચામાં રૂ.૮૧,૭૭૬ના મથાળે અથડાઈ, રૂ.૮૧૦ના ઉછાળા સાથે રૂ.૮૨,૬૮૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૮૦૧ ઊછળી રૂ.૮૨,૫૪૮ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૮૦૫ની વૃદ્ધિ સાથે રૂ.૮૨,૫૧૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ એપ્રિલ વાયદો રૂ.૮૧૪.૧૦ના ભાવે ખૂલી, રૂ.૪.૮૫ વધી રૂ.૮૨૦.૯૦ જ્યારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૨૨૫.૨૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૫ વધી રૂ.૧૮૯ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩.૪૦ વધી રૂ.૨૩૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૫ વધી રૂ.૨૨૫.૬૫ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૦ વધી રૂ.૧૮૮.૮૦ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૪૦ વધી રૂ.૨૩૮.૯૦ બોલાઈ રહ્યો હતો.

કોટન-ખાંડીમાં સેંકડા ઘટ્યાઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસ, મેન્થા તેલમાં સુધારોઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૧.૫૨ કરોડનાં કામકાજ

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૨૧૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૨૩૬ અને નીચામાં રૂ.૭,૧૮૭ના મથાળે અથડાઈ, રૂ.૩૬ વધી રૂ.૭,૨૧૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૩૮ વધી રૂ.૭,૨૧૬ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫૫ના ભાવે ખૂલી, રૂ.૧.૮૦ વધી રૂ.૧૫૫.૯૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૧.૮ વધી ૧૫૬ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૭૦૦ અને નીચામાં રૂ.૬૧,૨૨૦ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦ ઘટી રૂ.૬૧,૫૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૧૦ વધી રૂ.૯૧૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૦૯૩.૦૮ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૨૪૦.૪૯ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨૬૨.૧૪ કરોડનાં ૭,૯૩૭ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૩૮૯.૪૪ કરોડનાં ૨૭,૬૦૭ લોટનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૫૫.૦૧ કરોડનાં ૨,૪૪૫ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૮૫.૩૫ કરોડનાં ૧,૪૯૦ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૧,૧૧૩.૩૫ કરોડનાં ૫,૪૦૬ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૫૩૦.૯૫ કરોડનાં ૮,૧૩૩ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ..૮૯ કરોડનાં ૩ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૯૯ કરોડનાં ૧૨૧ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૧.૫૨ કરોડનાં ૧૨૭ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૯૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૮,૦૪૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૮,૨૪૧ અને નીચામાં ૧૮,૦૪૦ બોલાઈ, ૨૦૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૧૪ પોઈન્ટ વધી ૧૮,૨૧૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૩૧૩૩.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

વિશ્વમાં ઈવીનો વ્યાપ અનેકગણો વધવાનો સમય પાકી ગયો

ભારત સહિત ૩૨ દેશમાં ઈ-કારની હિસ્સેદારી વધીને ૫ ટકાને પાર થઈ

ન્યૂયૉર્ક,તા.૯

વિશેષ કરાર હેઠળ માત્ર ભાસ્કરમાં રંગીન ટીવી ૧૯૫૦ના દાયકામાં બજારમાં આવ્યું ત્યારે ફ્લોપ ફિલ્મ જેવું લાગ્યું હતું. ટીવી મોંઘું હતું, મેન્ટેનન્સ પણ અઘરું હતું અને એક દાયકા પછી પણ ગણ્યાંગાંઠ્યાં ઘરોમાં જ પહોંચી શક્યું હતું. પછી એકાએક ભાવ ઊતરી ગયા, પ્રાઇસ વૉર શરૂ થઈ અને થોડાં વર્ષોમાં જ મોટા ભાગના અમેરિકન પરિવાર પ્રાઇમ ટાઇમમાં કાર્ટૂન પ્રોગ્રામ જોઈ રહ્યા હતા. સ્માર્ટ ફોન સાથે પણ આવું જ થયું હતું.

બજારના ગણિતમાં પરિવર્તનના તબક્કામાંથી અત્યારે ઈલેક્ટ્રિક વ્હિકલ પસાર થઈ રહ્યાં છે. કોઈ પણ નવું ઉત્પાદન બજારમાં ૫%ની હિસ્સેદારીની સરહદ પાર કરી લે ત્યારે તેને 'ટિપિંગ પૉઇન્ટ' (નિર્ણાયક બિંદુ) પાર કર્યો કહેવાતો હોય છે અને ઈલેક્ટ્રિક વ્હિકલે ભારત સહિત વિશ્વના ૩૨ દેશે ગત વર્ષે આ ટિપિંગ પૉઇન્ટ પાર કરી લીધો છે. આને પ્રાથમિકતા બદલાઈ રહી હોવાની અને મોટા પાયે નવી ટૅક્નિક અપનાવવાની શરૂઆતનો સંકેત કહેવાય છે.

નિષ્ણાતોના મતે નવી ટૅક્નૉલોજી સ્વીકારવાનો રસ્તો બજારમાં 'એસ કર્વ' પરથી પસાર થાય છે. એટલે કે મુખ્ય પ્રવાહની લહેરમાં સમાવિષ્ટ થતાં પહેલાં વેચાણ ધીમી ગતિએ થાય છે. આ સમય દરમિયાન ઉત્પાદનખર્ચ, પાયાગત માળખાનો અભાવ અને ગ્રાહકના મનમાં શંકા જેવા પ્રારંભિક અવરોધો પર તમામ પરિવર્તનો નિર્ભર હોય છે. ટિપિંગ પૉઇન્ટ આ અંતરાયોને દૂર કરવાની શરૂઆતનો સંકેત આપે છે. જે દેશોમાં હવે ઈવી ટિપિંગ પૉઇન્ટ વટાવી ચૂક્યાં છે ત્યાં વિશ્વના બે તૃતીયાંશ ઑટો વેચાણ માટે જવાબદાર છે. ૨૦૨૩ના ચોથા ત્રિમાસિકમાં વિશ્વભરમાં વેચાયેલી નવી કારમાં ઈલેક્ટ્રિક કારની હિસ્સેદારી લગભગ ૧૨% હતી. એશિયામાં ચીન ઈવીના વેચાણમાં આગળ પડતા દેશ તરીકે ઓળખ મેળવી રહ્યો છે.

ચીનમાં ૨૦૨૦ના ચોથા ત્રિમાસિકમાં ૫%ની મર્યાદા ઓળંગી લીધી હતી અને ૨૦૨૩ના છેલ્લા ત્રિમાસિક ગાળા સુધીમાં વેચાણ ૨૪% સુધી વધી ગયું છે. ઈવી નિષ્ણાત કોરી કેન્ટરના મતે હવે વધુ લોકો ઈવી અપનાવવા માટે તૈયાર હોવાનું દેખાઈ રહ્યું છે. વાહન નિર્માતા તેમાં રોકાણ કરવા ઈચ્છુક છે અને ચાર્જિંગ માળખાનો વિસ્તાર યોગ્ય રીતે થઈ રહ્યો છે.

શું તમે KYC વેરિફાઈ કરાવ્યું?

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ માટે આ મુજબ અપડેટ કરાવવુ આવશ્યક

નવીદિલ્હી,તા.૯

કોઈપણ રોકાણ, બચત કે બેંકિંગ વ્યવહારો માટે કેવાયસી વેરિફાઈડ હોવુ જરૂરી છે. માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા ૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ કેવાયસી માટે નવા ફેરફારોની જાહેરાત કરવામાં આવી છે. જેના વિશે માહિતી મેળવવી જરૂરી છે, નહિં તો રોકાણકારોને મ્યુચ્યુઅલ ફંડ્સમાં નવા રોકાણ અને ભાવિ નાણાકીય વ્યવહારોમાં અડચણો નડી શકે છે.

નવા નિયમો અનુસાર, જે રોકાણકારોના કેવાયસી સ્ટેટસ વેરિફાઈડ અને રજિસ્ટર્ડ છે, તેઓના મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ જારી રહેશે. પરંતુ તેમાં જરૂરી મહિતીનું વેરિફિકેશન નથી કરાવ્યુ અથવા તો અધુરૂ છે, તો તેમના જુના રોકાણો જારી રહેશે, પરંતુ નવા રોકાણ કરી શકશે નહિં. અને ઉપાડ પણ કરી શકશે નહિં. એસેટ મેનેજમેન્ટ કંપની કે બ્રોકર સાથે નવા ટ્રાન્જેક્શન કે નવુ રોકાણ કરી શકશે નહિં.

નાણાકીય વ્યવહારોમાં નડતા પડકારો અને જોખમોથી સુરક્ષિત રાખવા તેમજ ગ્રાહકની વાસ્તવિક ઓળખને વેરિફાઈ કરવામાં કેવાયસી મહત્વની ભૂમિકા ભજવે છે. પ્રત્યેક નાણાકીય સંસ્થાઓ કેવાયસીનુ વેરિફિકેશન કર્યા બાદ જ નાણાકીય વ્યવહારો કરે છે.

કેવાયસી વેરિફાઈ કરાવવા માટે રોકાણકારોએ ઓનલાઈન કે ઓફલાઈન કેવાયસી ફોર્મ રજૂ કરવાનું રહેશે. જેમાં ઓળખપત્ર, એડ્રેસ પ્રુફના દસ્તાવેજો રજૂ કરવા પડશે. જેમાં આધાર, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ, વોટર આઈડી કાર્ડ, નરેગા જોબ કાર્ડ, સહિત અન્ય દસ્તાવેજોમાંથી કોઈપણ એક દસ્તાવેજ રજૂ કરી શકે છે. હવેથી કેવાયસી પ્રક્રિયા માટે યુટિલિટી બિલ્સ કે બેંક સ્ટેટમેન્ટ માન્ય ગણાશે નહિં.

કેવાયસી પ્રક્રિયા માટે યુટિલિટી બિલ્સ કે બેન્ક સ્ટેટમેન્ટ માન્ય ગણાશે નહિં

રોકાણકાર આધાર કાર્ડની મદદથી ઓનલાઈન કેવાયસી કરાવી શકે છે. જેમાં આધાર કાર્ડ મોબાઈલ નંબર સાથે લિંક હોવો જરૂરી છે. તેમજ રોકાણકારો પાસે જરૂરી કેમેરા, લોકેશન, માઈક્રોફોન એક્સેસની મંજૂરી હોવી જોઈએ. જેમાં સેલ્ફ એટેસ્ટેડ પાન કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટો અને સિગ્નેચર કરવાના રહેશે.

અગાઉ યુટિલિટી બિલ્સ અને બેંક સ્ટેટમેન્ટની મદદથી કેવાયસી કરાવી ચૂકેલા રોકાણકારોએ નવા ફેરફારો મુજબ ફરીથી કેવાયસી વેરિફાઈ કરાવવાનું રહેશે. કારણકે, હવેથી યુટિલિટી બિલ અને બેંક સ્ટેટમેન્ટ માન્ય ગણાશે નહિં.

દીપક મેહરોત્રા આકાશ એજ્યુકેશનના નવા MD અને CEO

નવી દિલ્હી,તા.૯

એડટેક સ્ટાર્ટઅપ બાયજુની પોતાની કંપની આકાશ એજ્યુકેશન સર્વિસિસ લિમિટેડે દીપક મેહરોત્રાને નવા મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. કંપનીએ સોમવારે આ જાણકારી આપી. ગયા વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૩માં અભિષેક મહેશ્વરીના રાજીનામા બાદ આ પદ ખાલી હતું. કંપનીએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'મેહરોત્રાએ તાત્કાલિક અસરથી ચાર્જ સંભાળી લીધો છે.' તે જ સમયે બાયજુના સ્થાપક અને અધ્યક્ષ બાયજુ રવિન્દ્રને કહ્યું, 'પિયર્સન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર તરીકે તેમની વ્યાવસાયિક કુશળતા અને સારો ટ્રેક રેકોર્ડ આકાશ બાયજૂને વૃદ્ધિ અને પ્રભાવના આગલા તબક્કામાં લઈ જવા માટે મહત્ત્વપૂર્ણ રહેશે.'દીપક મેહરોત્રાને હ્લસ્ઝ્રય, ટેલિકોમ્યુનિકેશન અને એજ્યુકેશન સહિતના ક્ષેત્રોમાં એક્ઝિક્યુટિવ ભૂમિકાઓમાં ૩૫ વર્ષથી વધુનો અનુભવ છે. અગાઉ તેઓ ૨૦૧૮ થી ૨૦૨૩ સુધી આશીર્વાદ પાઈપ્સમાં એમડી હતા. આ ઉપરાંત તેમણે પિયર્સન ઈન્ડિયા, ભારતી એરટેલ, કોકા-કોલા અને એશિયન પેઈન્ટ્સમાં નેતૃત્વના પદ પર પણ કામ કર્યું છે.

બાયજુએ વર્ષ ૨૦૨૧માં લગભગ ઁ૧ બિલિયનમાં આકાશ એજ્યુકેશન સર્વિસિસ લિમિટેડને હસ્તગત કરી હતી, જે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને કોચિંગ પૂરું પાડે છે.

સમગ્ર વિશ્વમાં ઇન્ડસ્ટ્રીઝ મોટા પાયે પ્રદૂષણ ફેલાવે છે. તેમાં કાર્બનનો સૌથી વધુ હિસ્સો

હવે કાર્બન ડાયોક્સાઇડને દરિયામાં દાટવાની યોજના

ન્યૂયોર્ક,તા.૯

સમગ્ર વિશ્વમાં ઈન્ડસ્ટ્રીઝ મોટા પાયે પ્રદૂષણ ફેલાવે છે. તેમાં કાર્બનનો સૌથી વધુ હિસ્સો છે. વિશ્વભરના દેશ ૨૦૫૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન ઘટાડાવાના મહત્વકાંક્ષી લક્ષ્ય પર કામ કરી રહ્યા છે. આ દિશામાં વિશ્વની અનેક કંપનીઓ પ્રયોગ કરી રહી છે. કાર્બન પ્રદૂષણ ઘટાડવાનો એક સૌથી અસરકારક ઉપાય કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ (સીસીએસ) છે. તે હેઠળ ઝ્રર્ં૨નું વાતાવરણમાં ઉત્સર્જનને બદલે ખાસ રીતે કેપ્ચર કરવામાં આવે છે અને જમીનની નીચે સ્ટોર કરવામાં આવે છે.

ઈટાલીની એક એનર્જી કંપની એની પ્રદૂષણ ફેલાવનારી ઈન્ડસ્ટ્રીઝમાંથી કાર્બન ડાયોક્સાઈડને લઈને જૂના પ્રાકૃતિક ગેસ ભંડારમાં સ્ટોર કરવા માટે પાઈપલાઈનનું એક નેટવર્ક બનાવવાની યોજના પર કામ કરી રહી છે. એનીનો દાવો છે કે આ કાર્બન કેપ્ચર અને સ્ટોરેજ પ્રક્રિયાથી મોટા પાયે પ્રદૂષણ ઘટાડવામાં, બચત કરવામાં તેમજ નવી નોકરીનું સર્જન કરવામાં મદદ મળશે. આ કંપની પહેલાથી જ ક્રૂડ અને ગેસના વેચાણના ક્ષેત્રમાં કામ કરી રહી છે પરંતુ ક્લાઈમેટ ચેન્જની ચિંતાઓને કારણે તેને પોતાનું ભવિષ્ય અનિશ્ચિત નજરે પડી રહ્યું છે. એનીના અધિકારીઓના અનુમાન અનુસાર તેઓ કંપનીના અત્યારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે ક્રૂડ ઓઈલના કુવા અને પાઈપલાઈનનો ઉપયોગ કાર્બન કેપ્ચરિંગ તેમજ સ્ટોરેજ માટે કરી શકે છે.

કંપની કેસલબોરસેટીમાં ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી નીકળતા અંદાજે અડધા કાર્બન ડાયોક્સાઈડને કેપ્ચર કરવા માટે અંદાજે ૧૦૦ મિલિયન યુરો (અંદાજે ૯૦૩ કરોડ રૂપિયા) ખર્ચ કરી રહી છે. કામ અનેક હદ સુધી પૂર્ણ થઈ ચૂક્યું છે અને ટૂંક સમયમાં જ કાર્બન ડાયોક્સાઈડને એક નવા કુવાના માધ્યમથી અંદાજે ૧૨ માઈલ દૂર અને દરિયાની સપાટીથી ૧૦,૦૦૦ ફૂટ નીચે એક ગેસ સેગમેન્ટમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે. જો પહેલો તબક્કો સફળ થઈ જશે તો એક મોટી યોજના શરૂ કરવામાં આવશે જેનો પ્રારંભિક ખર્ચ ૧.૫ અબજ યૂરો (અંદાજે ૧૩,૫૦૦ કરોડ રૂપિયા) થશે. તેમાં ઈટલી અને ફ્રાન્સના કારખાનાને જોડવામાં આવશે અને ૧.૬ કરોડ ટન સુધી કાર્બન ડાયોક્સાઈડને ખેંચીને સમુદ્રની હેઠળ દફનાવવામાં આવશે. ગ્રાહકોનું દબાણ અને કાર્બન પર લાગતો ટેક્સ વ્યવસાયોને કાર્બન કેપ્ચર પ્રોજેક્ટ્સ પર ગંભીરતાપૂર્વક વિચારવા માટે પ્રેરિત કરી રહ્યું છે.

ટેક્નોલોજીને કમર્શિયલાઇઝ કરીને કાર્બન ક્રેડિટ અને હાઇડ્રોજન વેચીને પૈસા કમાશે

કોલંબિયા યુનિવર્સિટીના સંશોધક કાર્બન કેપ્ચરિંગ અને સ્ટોરેજ માટે કામ કરી રહ્યા છે. સી ચેન્જ નામના આ પ્રોજેક્ટના ડાયરેક્ટર ગૌરવ સંત અનુસાર દરિયો ધરતી પરથી સૌથી વધુ કાર્બન ઉત્સર્જનને શોષતું ઉપકરણ છે. તે વાતાવરણમાં રિલીઝ થતા ૩૦% સુધી ઝ્રર્ં૨ને શોષી લે છે. ગૌરવ સંત અને તેમના સાથે ૧ ટન કાર્બન ડાયોક્સાઈડને હટાવવાનો ખર્ચ ઘટાડીને ૧૦૦ ડૉલર (૮૨૨૩ રૂપિયા) પ્રતિ ટન સુધી લાવવામાં વ્યસ્ત છે. સંશોધકો આ ટેક્નોલોજીને કમર્શિયલાઈઝ કરીને કાર્બન ક્રેડિટ અને હાઈડ્રોજન વેચીને પૈસા કમાશે. તેના માટે તેઓએ ઈક્વેટિક ઈક્ર નામનું એક સ્ટાર્ટઅપ પણ શરૂ કર્યું છે. આ સ્ટાર્ટઅપમાં સારું એવું રોકાણ પણ થઈ રહ્યું છે. કોલંબિયા યુનિવર્સિટીના સંશોધક કાર્બન કેપ્ચરિંગ અને સ્ટોરેજ માટે કામ કરી રહ્યા છે. સી ચેન્જ નામના આ પ્રોજેક્ટના ડાયરેક્ટર ગૌરવ સંત અનુસાર દરિયો ધરતી પરથી સૌથી વધુ કાર્બન ઉત્સર્જનને શોષતું ઉપકરણ છે.

ભારતીય શેરબજાર સતત નવી ટોચે

સેન્સેક્સ અને નિફ્ટી વિવિધ પડકારો વચ્ચે આકર્ષક રિટર્ન આપવામાં મોખરે

મુંબઈ,તા.૯

ભારતીય શેરબજાર સતત નવી ટોચ નોંધાવી રહ્યા છે. આજે સેન્સેક્સ ૭૫ હજાર તો નિફ્ટી૫૦ ૨૨૭૦૦નું લેવલ વટાવી ઐતિહાસિક ટોચે પહોંચ્યા છે. સેન્સેક્સ બે દાયકામાં ૧૪૦૦ ટકાથી વધુ વધ્યો છે. જે ૨૦૦૪માં રૂ. ૫ હજાર આસપાસ હતો. સેન્સેક્સ અને નિફ્ટીએ વિવિધ પડકારોનો મજબૂત સામનો કરતાં આકર્ષક રિટર્ન સાથે રોકાણકારોને માલામાલ કર્યા છે. આ તેજીના માહોલમાં એનએસઈ ઝડપથી વિશ્વના ટોચના પાંચ સ્ટોક એક્સચેન્જની યાદીમાં સામેલ થશે. ૨૦૨૩માં તે છઠ્ઠા ક્રમે હતો. સેન્સેક્સે છેલ્લા એક વર્ષમાં ૨૫.૫૨ ટકા રિટર્ન આપવાની સાથે રોકાણકારોની મૂડીમાં ૧૩૮.૫૧ લાખ કરોડનો વધારો કર્યો છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં સેન્સેક્સ રેકોર્ડ હાઈ સાથે ૩.૯૨ ટકા વધ્યો છે. ગઈકાલે બીએસઈ માર્કેટ કેપએ રેકોર્ડ ૪૦૦.૮૮ લાખ કરોડની સપાટી નોંધાવી હતી. ૨૦૦૮માં આર્થિક મંદી, ૨૦૨૦-૨૧માં કોરોનાની મહામારી જેવા સંકટોમાંથી ઝડપથી ઉભરી સેન્સેક્સ અને નિફ્ટીએ નવી ઉંચાઈઓ હાંસલ કરી છે. ૨૦૦૪માં સેન્સેક્સ ૫૦૦૦ હતો, જે ૨૦૦૬માં ૧૦ હજાર થયો હતો. બાદમાં એક વર્ષમાં જ ૨૦૦૦૦ની સપાટી મેળવી હતી. પરંતુ ત્યારબાદ ૨૦૦૮માં આર્થિક મંદીના પગલે સેન્સેક્સ તૂટ્યો હતો. જો કે, મોદીના શાસનકાળમાં શેરબજારો આકર્ષક તેજી સાથે આગળ વધ્યા છે ૨૦૧૪માં ૨૫ હજાર, ૨૦૧૭માં ૩૦૦૦૦, ૨૦૧૯માં ૪૦૦૦૦, અને ૨૦૨૧માં ૫૦૦૦૦ની સપાટી વટાવી હતી.

SBI 'અમૃત-કળશ' યોજનામાં ૩૧ સપ્ટેમ્બર સુધી રોકાણ કરી શકશો

નવી દિલ્હી,તા.૯

ભારતીય સ્ટેટ બેંકએ તેની સ્પેશિયલ ફિક્સ્ડ ડિપોઝિટ યોજના અમૃત કળશમાં રોકાણ કરવાની છેલ્લી તારીખ લંબાવી છે. હવે તમે તેમાં ૩૧ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી રોકાણ કરી શકશો. અગાઉ તેની છેલ્લી તારીખ ૩૧ માર્ચ હતી. આ યોજના હેઠળ સીનિયર સિટિઝનને FD પર ૭.૬૦% વાર્ષિક વ્યાજ અને અન્ય લોકોને ૭.૧૦% વ્યાજ આપવામાં આવે છે.

શું તમે જાણો છો PPF અને EPF વચ્ચેનો ભેદ, બંનેમાં એકસાથે રોકાણ શક્ય!

નવીદિલ્હી,તા.૯

આખી જિંદગી ઘર અને પરિવારની જવાબદારી નિભાવ્યા બાદ વ્યક્તિ નિવૃત્તિની પળો પોતાની મરજી મુજબ આનંદથી જીવવા માગતો હોય છે. મોટાભાગના લોકો નિવૃત્તિ સમયે પોતાની બાકી રહી ગયેલી મોજશોખની ઈચ્છાઓ-આકાંક્ષાઓ પૂરી કરવાનું દિવાસ્વપ્ન જોતા હોય છે. જેના માટે નાણાકીય રીતે સક્ષમ હોવુ જરૂરી છે. આર્થિક સધ્ધરતા ઈમરજન્સી, મેડિકલ, તેમજ આરામથી નિવૃત્તિની પળો માણવા માટે અનિવાર્ય છે.

નોકરી કરતાં લોકો રિટાયરમેન્ટ માટે પીએફ કપાય છે, અને તે નિવૃત્તિ દરમિયાન મોટુ કોર્પસ ઉભુ કરશે, તેવી આશાઓ રાખે છે. પરંતુ શું તમે જાણો છો કે, મોટાભાગની કંપનીઓ માત્ર ઈપીએફમાં જ રોકાણ કરતી હોય છે. કર્મચારી નિવૃત્તિ માટે મોટી રકમનું વેલ્થ ક્રિએટ કરવા પીપીએફમાં જાતે રોકાણ કરી શકે છે. આ બંને એકાઉન્ટમાં એકસાથે રોકાણ કરી શકાય છે.

ઈપીએફમાં તમારૂ અને તમારી કંપનીનું યોગદાન અનિવાર્ય છે. જ્યારે પીપીએફમાં રોકાણ કરવુ અનિવાર્ય નથી. તે સ્વૈચ્છિક યોજના છે. જેમાં તમે તમારી મરજી મુજબ રોકાણ કરી શકો છો.

આ એક અનિવાર્ય રિટાયરમેન્ટ સેવિંગ સ્કીમ છે. ઈપીએફમાં કર્મચારી અને એમ્પ્લોયર બંનેનું યોગદાન હોય છે. સેલેરી સ્ટ્રક્ચર અનુસાર, બંનેનો હિસ્સો નક્કી થાય છે. જેમાંથી ઈમરજન્સી દરમિયાન અમુક રકમ ઉપાડી શકો છો. સંપૂર્ણ રકમ રિટાયરમેન્ટ બાદ જ ઉપાડી શકો છો.

પગારદારો નિવૃત્તિ બાદ સારૂ એવુ ફંડ ઉભુ કરી શકે તે હેતુ સાથે આ યોજનામાં રોકાણ કરી શકે છે. જે ટેક્સ ઘટાડવામાં પણ મદદ કરે છે. પીપીએફનો લઘુત્તમ લોક ઈન પિરિયડ ૧૫ વર્ષનો હોય છે. પીપીએફ લાંબા ગાળાનારોકાણ માટેની યોજના છે. પીપીએફ પગારદાર ઉપરાંત કોઈપણ વ્યક્તિ ખોલાવી શકે છે.

ફોર્મ એ
જાહેર ઘોષણા
[ભારતના ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપસી અને નાદારી બોર્ડના નિયમન ૬ હેઠળ (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી ઠરાવ પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, ૨૦૧૬]
એસઈ ટ્રાન્સસ્ટેડિયા પ્રાઇવેટ લિમિટેડના લેણદારોના ધ્યાન માટે

	સંબંધિત વિગતો	
૧.	કોર્પોરેટ દેવાદારનું નામ	એસઈ ટ્રાન્સસ્ટેડિયા પ્રાઇવેટ લિમિટેડ
૨.	કોર્પોરેટ દેવાદારના સમાવેશની તારીખ	૧૭/૧૨/૨૦૦૮
૩.	ઓથોરિટી કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદાર સામેલ/નોંધાયેલ છે	કંપનીઝ અધિનિયમ, ૧૯૫૬ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, અમદાવાદ સાથે.
૪.	કોર્પોરેટ દેવાદારની કોર્પોરેટ ઓળખ નંબર/મર્યાદિત જવાબદારી ઓળખ નંબર	U74990GJ2008PTC065269
૫.	કોર્પોરેટ દેવાદારની નોંધાયેલ ઓફિસ અને મુખ્ય ઓફિસ (જો કોઈ હોય તો)નું સરનામું	સરનામું: ૫ એરેના, કાંકરિયા તળાવ ગેટ નં. ૩ પાસે, દીવાન બલ્લુભાઈ સ્કૂલ પાસે, કાંકરિયા, અમદાવાદ, ગુજરાત, ભારત, ૩૮૦૦૨૨
૬.	કોર્પોરેટ દેવાદારના સંબંધમાં નાદારીની શરૂઆતની તારીખ	૦૮મી એપ્રિલ, ૨૦૨૪
૭.	નાદારી ઠરાવ પ્રક્રિયા બંધ થવાની અંદાજિત તારીખ	૦૫મી ઓક્ટોબર, ૨૦૨૪
૮.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરતા નાદારી વ્યાવસાયિકનું નામ અને નોંધણી નંબર	નામ: શ્રી. સંજય ગર્ગ રજી. નંબર: IBBI/IPA-001/IP-P-01865/2019-2020/12919
૯.	વચગાળાના ઠરાવ પ્રોફેશનલનું સરનામું અને ઈમેઈલ, જે બોર્ડમાં નોંધાયેલ છે	સરનામું: ૯૦૮, ૯મો માળ, ડી-મોલ, નેતાજી સુભાષ પ્લેસ, પીતમપુરા, નવીદિલ્હી-૧૧૦૦૩૪ ઈમેલ: rp.sanjaygarg@gmail.com
૧૦.	વચગાળાના ઠરાવ પ્રોફેશનલ સાથેના પત્રવ્યવહાર માટે સરનામું અને ઈ-મેલનો ઉપયોગ કરવા	સરનામું: ૧૦૯, પહેલો માળ, સૂર્ય કિરણ બિલ્ડીંગ, ૧૯, કસ્તુરબા ગાંધી માર્ગ, નવી દિલ્હી - ૧૧૦૦૦૧ ઈમેલ: cirp.setransstadia@gmail.com
૧૧.	દાવાઓ રજૂઆત કરવાની છેલ્લી તારીખ	૨૨મી એપ્રિલ, ૨૦૨૪
૧૨.	લેણદારોના વર્ગો, જો કોઈ હોય તો, કલમ ૨૧ ની પેટા-કલમ (6A) ના કલમ (b) હેઠળ, વચગાળાના ઠરાવ પ્રોફેશનલ દ્વારા નિશ્ચિત	લાગુ પડતું નથી
૧૩.	વર્ગમાં લેણદારોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કામ કરવા માટે ઓળખાયેલ નાદારી વ્યાવસાયિકોના નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ)	લાગુ પડતું નથી
૧૪.	(a) સંબંધિત ફોર્મ અને (b) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો અહીં ઉપલબ્ધ છે:	(a) સંબંધિત ફોર્મ https://ibbi.gov.in/downloadform.html પર ઉપલબ્ધ છે (b) લાગુ પડતું નથી

આથી સૂચના આપવામાં આવે છે કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે ૦૮મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ **એસઈ ટ્રાન્સસ્ટેડિયા પ્રાઇવેટ લિમિટેડ**ની કોર્પોરેટ નાદારી રિઝોલ્યુશન પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે.
એસઈ ટ્રાન્સસ્ટેડિયા પ્રાઇવેટ લિમિટેડના લેણદારોને આથી **૨૨મી એપ્રિલ, ૨૦૨૪**ના રોજ અથવા તે પહેલાં, નોંધ નંબર ૧૦ સામે ઉલ્લેખિત સરનામા પર વચગાળાના ઠરાવ પ્રોફેશનલને પુરાવા સાથે તેમના દાવા રજૂઆત કરવા માટે આહવાન કરવામાં આવે છે.
નાણાંકીય લેણદારો માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી જ પુરાવા સાથે તેમના દાવા રજૂઆત કરશે. અન્ય તમામ લેણદારો વ્યક્તિગત રીતે, પોસ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા પુરાવા સાથે દાવા રજૂઆત કરી શકે છે.
એન્ટ્રી નંબર ૧૨ ની સામે સૂચિબદ્ધ કરેલ વર્ગના નાણાકીય લેણદારે ફોર્મ CA માં વર્ગ [વર્ગ સ્પષ્ટ કરો] ના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે એન્ટ્રી નંબર ૧૩ સામે સૂચિબદ્ધ ત્રણ નાદારી વ્યાવસાયિકોમાંથી અધિકૃત પ્રતિનિધિની તેની પસંદગી સૂચવવી જોઈએ. લાગુ પડતું નથી
દાવાના ખોટા અથવા ભ્રામક પુરાવાઓ રજૂઆત કરવા પર દંડ લાગશે.
સંજય ગર્ગ
વચગાળાના રીઝોલ્યુશન પ્રોફેશનલ
તારીખ: ૧૦.૦૪.૨૦૨૪ રજી. નંબર: IBBI/IPA-001/IP-P-01865/2019-2020/12919
સ્થળ: નવી દિલ્હી AFA નંબર: AA1/12919/02/240125/106806 | ૨૪-જાન્યુ-૨૦૨૫ સુધી માન્ય

ફોર્મ એ
જાહેર ઘોષણા
[ભારતના ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપસી અને નાદારી બોર્ડના નિયમન ૬ હેઠળ (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી ઠરાવ પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, ૨૦૧૬]
ટ્રાન્સસ્ટેડિયા હોલ્ડિંગ્સ પ્રાઇવેટ લિમિટેડના લેણદારોના ધ્યાન માટે

	સંબંધિત વિગતો	
૧.	કોર્પોરેટ દેવાદારનું નામ	ટ્રાન્સસ્ટેડિયા હોલ્ડિંગ્સ પ્રાઇવેટ લિમિટેડ
૨.	કોર્પોરેટ દેવાદારના સમાવેશની તારીખ	૦૬/૦૧/૨૦૧૨
૩.	ઓથોરિટી કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદાર સામેલ/નોંધાયેલ છે	કંપનીઝ અધિનિયમ, ૧૯૫૬ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, અમદાવાદ સાથે.
૪.	કોર્પોરેટ દેવાદારની કોર્પોરેટ ઓળખ નંબર/મર્યાદિત જવાબદારી ઓળખ નંબર	U65993GJ2012PTC068506
૫.	કોર્પોરેટ દેવાદારની નોંધાયેલ ઓફિસ અને મુખ્ય ઓફિસ (જો કોઈ હોય તો)નું સરનામું	સરનામું: ૫ એરેના, કાંકરિયા તળાવ ગેટ નં. ૩ પાસે, દીવાન બલ્લુભાઈ સ્કૂલ પાસે, કાંકરિયા, અમદાવાદ, ગુજરાત, ભારત, ૩૮૦૦૨૨
૬.	કોર્પોરેટ દેવાદારના સંબંધમાં નાદારીની શરૂઆતની તારીખ	૦૮મી એપ્રિલ, ૨૦૨૪
૭.	નાદારી ઠરાવ પ્રક્રિયા બંધ થવાની અંદાજિત તારીખ	૦૫મી ઓક્ટોબર, ૨૦૨૪
૮.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરતા નાદારી વ્યાવસાયિકનું નામ અને નોંધણી નંબર	નામ: શ્રી. સંજય ગર્ગ રજી. નંબર: IBBI/IPA-001/IP-P-01865/2019-2020/12919
૯.	વચગાળાના ઠરાવ પ્રોફેશનલનું સરનામું અને ઈમેઈલ, જે બોર્ડમાં નોંધાયેલ છે	સરનામું: ૯૦૮, ૯મો માળ, ડી-મોલ, નેતાજી સુભાષ પ્લેસ, પીતમપુરા, નવીદિલ્હી-૧૧૦૦૩૪ ઈમેલ: rp.sanjaygarg@gmail.com
૧૦.	વચગાળાના ઠરાવ પ્રોફેશનલ સાથેના પત્રવ્યવહાર માટે સરનામું અને ઈ-મેલનો ઉપયોગ કરવા	સરનામું: ૧૦૯, પહેલો માળ, સૂર્ય કિરણ બિલ્ડીંગ, ૧૯, કસ્તુરબા ગાંધી માર્ગ, નવી દિલ્હી - ૧૧૦૦૦૧ ઈમેલ: cirp.setransstadia@gmail.com
૧૧.	દાવાઓ રજૂઆત કરવાની છેલ્લી તારીખ	૨૨મી એપ્રિલ, ૨૦૨૪
૧૨.	લેણદારોના વર્ગો, જો કોઈ હોય તો, કલમ ૨૧ ની પેટા-કલમ (6A) ના કલમ (b) હેઠળ, વચગાળાના ઠરાવ પ્રોફેશનલ દ્વારા નિશ્ચિત	લાગુ પડતું નથી
૧૩.	વર્ગમાં લેણદારોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કામ કરવા માટે ઓળખાયેલ નાદારી વ્યાવસાયિકોના નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ)	લાગુ પડતું નથી
૧૪.	(a) સંબંધિત ફોર્મ અને (b) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો અહીં ઉપલબ્ધ છે:	(a) સંબંધિત ફોર્મ https://ibbi.gov.in/downloadform.html પર ઉપલબ્ધ છે (b) લાગુ પડતું નથી

આથી સૂચના આપવામાં આવે છે કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે ૦૮મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ **ટ્રાન્સસ્ટેડિયા હોલ્ડિંગ્સ પ્રાઇવેટ લિમિટેડ**ની કોર્પોરેટ નાદારી ઠરાવ પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે.
ટ્રાન્સસ્ટેડિયા હોલ્ડિંગ્સ પ્રાઇવેટ લિમિટેડના લેણદારોને આથી **૨૨મી એપ્રિલ, ૨૦૨૪**ના રોજ અથવા તે પહેલાં, નોંધ નંબર ૧૦ સામે ઉલ્લેખિત સરનામા પર વચગાળાના ઠરાવ પ્રોફેશનલને પુરાવા સાથે તેમના દાવા રજૂઆત કરવા માટે આહવાન કરવામાં આવે છે.
નાણાંકીય લેણદારો માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી જ પુરાવા સાથે તેમના દાવા રજૂઆત કરશે. અન્ય તમામ લેણદારો વ્યક્તિગત રીતે, પોસ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા પુરાવા સાથે દાવા રજૂઆત કરી શકે છે.
એન્ટ્રી નંબર ૧૨ ની સામે સૂચિબદ્ધ કરેલ વર્ગના નાણાકીય લેણદારે ફોર્મ CA માં વર્ગ [વર્ગ સ્પષ્ટ કરો] ના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે એન્ટ્રી નંબર ૧૩ સામે સૂચિબદ્ધ ત્રણ નાદારી વ્યાવસાયિકોમાંથી અધિકૃત પ્રતિનિધિની તેની પસંદગી સૂચવવી જોઈએ. લાગુ પડતું નથી
દાવાના ખોટા અથવા ભ્રામક પુરાવાઓ રજૂઆત કરવા પર દંડ લાગશે.
સંજય ગર્ગ
વચગાળાના રીઝોલ્યુશન પ્રોફેશનલ
તારીખ: ૧૦.૦૪.૨૦૨૪ રજી. નંબર: IBBI/IPA-001/IP-P-01865/2019-2020/12919
સ્થળ: નવી દિલ્હી AFA નંબર: AA1/12919/02/240125/106806 | ૨૪-જાન્યુ-૨૦૨૫ સુધી માન્ય